સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ




દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૯ ● અંક - ૨ ● ફેબ્રુઆરી ૨૦૨૫ ● છૂટક પ્રત રૂા. ૧૦/- આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)


-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી




સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

**સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.**

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, ગુલબાઇ ટેકરા શાખા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
IFSC : CBIN0281629
**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

SHREE GUJARAT VALAND S
10787086@cbin
**દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ**

**નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.**
**નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.**

## BIO-DATA



Name : **Prachi R. Valand**

Birth Date : 8-1-1999

Education : Diploma Computer Science, 12th Pass

Address : Vivekand Height 1101 Samant Govrava Baroda

Father : Rajnikant J. Valand

Mobile : 9724148554

Mother : Avanika J. Valand

Mosal : Tulshidham Zadeshwar Bharuch

In Present : Service Finance Co.

Salary : Rs. 8000/-

Height : 5'

Acception : Well Culture Religious Person

Contact : 8320181582

**“Guru Dev Datta”**

## BIO-DATA



Name : **Jay Manojkumar Parekh**
Gender : Male
Date of Birth : 10-6-2001
Place of Birth : Rajpipla
Rashi : Mithun (Gemini)
Heigtht : 5 feets 8 inches (173 cm)
Religion : Hindu, Valand
Complexion : Fair
Native : Karjan, Vadodara
Highest Education : Bachelor’s of Chemical Engineering
College Name : G. H. Patel of Engineering and Technology
Job/Occupation : Shift Field Engineer
Organization Name : Reliance Industries Limited, Hazira, Surat

**Family Details**

Father : Manojkumar Nai
Occupation : Job at Reliance Industries, Jamnagar
Mother : Bhavnaben Nai
Occupation : Housewife
Younger Brother : Het Parekh

**Contact Details**

Father Contact No. : 9979865828
Address : Sec. 12/43/G, Reliance Greens Township, Jamnagar
Dada Ishwarbhai : M. 9978343272 Bharuch

Shri Rang Datt

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)


**: પ્રમુખ :**

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

**: મંત્રી :**

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

**: ઉપપ્રમુખ :**

શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**: સહમંત્રી :**

શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**: કોષાધ્યક્ષ :**

શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

**: અન્વેષક :**

શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

**: ટ્રસ્ટીશ્રીઓ :**

શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

શ્રી સુરેશભાઈ જે. શર્મા (દાતા ટ્રસ્ટી)
(અમદાવાદ)

શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (ટ્રસ્ટી)
(પાટણ)

શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી)
(પાલ્લા)

શ્રી શ્રી ધર્મેન્દ્રભાઈ છનાલાલ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૭૨૬૬૭૫૦૪૦

શ્રી યોગેશભાઈ નારણભાઈ પારેખ (દાતા ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૨૧૯૦૩

**: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઈજનેરી પાંખ) :**

**પ્રોજેક્ટ ચેરમેન :** શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી)
મો. ૯૯૨૫૬૦૪૪૪૩

**પ્રોજેક્ટ વા. ચેરમેન :** શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી)

| | | |
|---|---|---|
| શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી) | શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ) | શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી) |
| શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી) | શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી) | શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી) |
| શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી | શ્રી દિલીપભાઈ જે. વાઘેલા | શ્રી હસમુખભાઈ આર. પારેખ |

**: હિસાબી-વહિવટી પાંખ :**

| | | |
|---|---|---|
| શ્રી વિપુલભાઈ વી. દલાલ | શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય | શ્રી નરોત્તમભાઈ એચ. નાયી |

**: એડવાઈઝરી કમિટિ :**

| | | |
|---|---|---|
| શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર) | શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા) | શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર) |
| શ્રી રમેશભાઈ એસ. વાળંદ | શ્રી ધીરજભાઈ અમરતલાલ લિંબાચીયા | શ્રી પ્રવિણભાઈ શર્મા |
| શ્રી ભભૂતમલ જવાનજી સેન | શ્રી સોમાભાઈ ખુશાલદાસ લિંબાચીયા (ઉનાવા) | |

**: પ્રચાર-પ્રસાર કમિટિ :**

| | | |
|---|---|---|
| શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત) | શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ) | શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર) |
| શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ) | શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર) | |

# વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | **શ્રી બાલુભાઈ બી. પારેખ** મો. : ૯૪૨૮૫૦૩૨૯૧ |
| તંત્રી | : | **શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય** મો : ૭૮૭૪૮૬૯૨૪૭ |
| સહતંત્રી | : | **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)** મો. : ૯૪૨૬૩૯૧૩૦૨ |
| સંપાદક | : | **શ્રી શંકરલાલ એમ. ભાટીયા** મો. : ૯૪૨૬૦૮૫૪૮૮ |

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| બેંકનું નામ | : | **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : | પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : | 200110100010827 |
| ખાતાનું નામ | : | વાળંદ વિકાસ |
| IFSC Code | : | BKID0002001 |
| MICR Code | : | 380013040 |

**-: કાર્યાલય :-**

**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮

www.valandsevasangh.org

Email : valandsevasangh@gmail.com


## વ્યવહારમાં ક્રોધથી કેમ દૂર રહેવું ?

ક્રોધ થઈ જવો એ નબળાઈ છે. આ નબળાઈ સાચવી ન રખાય, તેને દૂર કરવાના ઉપાય કરવા જોઈએ. રોજિંદા જીવન વ્યવહારમાં વ્યક્તિથી ક્યારેક ક્રોધ-ગુસ્સો થઈ જતા હોય છે જ ! કદાચ બીજા ભૂલ કરતા હોય તો પણ આપણને ક્રોધ થઈ જતો હોય છે. અહીં આપણે શા માટે નબળા થવું જોઈએ ? એક સામાન્ય માન્યતા છે કે ક્રોધ કરીને ધાર્યું પરિણામ મેળવી શકાય છે કે અન્યોને સુધારી શકાય છે. પણ આ માન્યતાની સત્યતા માટે કોઈ પ્રમાણો મેળવી શકાતા નથી. ક્રોધ કરવાથી પહેલાં પોતાનું બગડે અને ત્યારબાદ સામાવાળાનું પણ બગડે, પરિણામે બંને પક્ષે નુકસાન છે. મનુષ્યજીવન ભવોભવની કમાણી કરવા માટે છે કે ખોટ કરવા માટે છે તે તો આપણે જ વિચારીને નક્કી કરવાનું છે. સમજુ અને શાણા માણસો ક્રોધ કરવાનું હિતકારી નથી માનતા અને કવચિત ક્રોધ થઈ જાય તો પછી ફરી એવું ન થાય તેની તકેદારી અને કાળજી રાખતા હોય છે. ક્રોધ થયા પછી તેના ફાયદા-નુકસાનનો હિસાબ કાઢે તોય ક્રોધ ઓછો થાય કે બંધ પણ થઈ જાય. શાંતિથી આમ વિચારવાથી ક્રોધ-ગુસ્સો જઈ શકે છે. જીવન વ્યવહાર ચલાવવામાં બીજાને ક્યારેક કંઈક કહેવું તો પડે ! ક્યારેક ટૈડકાવવા પડે કે ક્રોધ પણ કરવો પડે ત્યાં રાગ-દ્વેષ વગર કંઈક કહેવું. એક આંખમાં પ્રેમ અને એક આંખમાં કડકાઈ રાખવાની. કડકાઈથી સામાને નુકસાન ન થાય પણ ક્રોધથી બહુ નુકસાન થાય. વારે વારે કહ્યા કરવું અને ના કહેવું એ બંનેય ગુના છે. દરેક વાતે આપણે સામાને એડજસ્ટ થઈ જઈએ તો જીવન સરળ થઈ જાય. લેણદેણના હિસાબ પૂરા કરી પોતપોતાના માર્ગે વિચરવું શ્રેષ્ઠ કહેવાય. આપણા કોઈ આશ્રિતને મારવું, ક્રોધથી દુ:ખ પહોંચાડવું એ મોટો ગુનો છે. સંસાર વ્યવહાર આદર્શ હોવો જોઈએ. કોઈનેય દુ:ખ ન થાય તેવો વ્યવહાર હોવો જોઈએ. જ્યાં જરૂર જણાય ત્યાં દંડ કરવાનો વાંધો ન હોય પણ ક્રોધ કરવો એ મોટો વાંધો છે. ક્રોધ એ નબળાઈ છે જેનાથી સામા માણસ પર પ્રભાવ ન પડે અને તેથી કોઈ કાર્ય થાય નહિ. આમ જેનામાં ક્રોધરૂપી નબળાઈ ન હોય તેની પર્સનાલિટી પડે, જે આ વિજ્ઞાન જાણવાથી જ સંભવી શકે. પ્રથમ પોતે સુધરીને બીજાને સુધારવામાં 'ઇગોઈઝમ' રહેતો નથી જે હંમેશાં ફાયદાકારક રહે છે. અજ્ઞાની ગમે તેવું બોલે તો પણ મોક્ષે જવું હોય તો લોકોની વાતો સાંભળી ગભરામણ અને તેના પરિણામે ક્રોધ ના કરાય. મહીંથી ક્રોધ થાય તો પણ બહારથી સમતા રાખવાથી મોક્ષમાર્ગે પ્રગતિ થયા કરે છે. આમ વ્યવહારથી બધું કરવામાં વાંધો નથી, પણ નિશ્ચયથી ક્રોધ થાય તો તે ભૂલ છે. ક્રોધ તો બ્લડપ્રેસરનોય બાપ છે, શું આપણે તેને આવકારીશું ? ના. સમતા રાખી આગળ પ્રયાણ કરીશું...

**- દાદા ભગવાન**



## પ્રમુખશ્રીની કલમે

મારા વ્હાલા જ્ઞાતિજનો, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સમાજના સર્વે દિલેર દાતાઓ, વિદેશમાં વસતા આપણા સર્વે સ્નેહીજનો તથા આપણા નવા પ્રોજેક્ટ બિલ્ડીંગ માટે સંવેદનશીલ બધા જ હિતેચ્છુઓને દિલથી આવકારું છું.

તાજેતરની નવી ટ્રસ્ટી મંડળની રચનામાં તથા બંધારણ મુજબ રચના કરવામાં જે કોઈ મિત્રોએ સહકાર, માર્ગદર્શન, મદદ અને શ્રમ અને શક્તિનો ભોગ આપ્યો જે તે તમામનો આ તકે હું દિલથી ખૂબ ખૂબ આભાર માનું છું. જેને સમયની પરિસ્થિતિમાંથી ટ્રસ્ટી મંડળની સર્વ સંમતિથી પસંદગી થઈ તથા મને પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી તે માટે સર્વ કાર્યકરો, મિત્રો, સાથીદારોને આવકારું છું. સાથે સાથે હોદ્દેદારોની પસંદગી/નિમણુંક પણ સર્વસંમતિથી થઈ અને નવા બિલ્ડીંગના કામકાજ માટે સર્વે મિત્રો કામે લાગી ગયા તે જોઈ મને ખૂબ આનંદ થયો, તથા મને મારી જાત ઉપર ગર્વ પણ થયો કે હવે આપણું આ શૈક્ષણિક ભવન રૂા. ૨૫ કરોડના બજેટથી ૧૧ માળનું થઈ જશે, તેમાં શંકા નથી.

ગુજરાત વાળંદ સેવા સંઘ એ સમગ્ર ગુજરાતની વાળંદ સમાજની એક પ્રમુખ સંસ્થા છે. જેનો ગર્વ આપણો આખો વાળંદ સમાજ લઈ રહ્યો છે. હું વિપુલભાઈ વસંતભાઈ દલાલ આજીવન માજી પ્રમુખ સ્વ. ગોરધનદાસ દલાલનો પૌત્ર છું. આ સંસ્થાનું પ્રમુખપદ સ્વીકારતા હું ગર્વ અનુભવી રહ્યો હતો કે હું પણ મારા દાદા ગોરધનદાસના પગલે પગલે ચાલી સમાજ માટે એક સુંદર સંસ્થા ઊભી કરવામાં યોગદાન આપી શકીશ. સમાજને સાથે રાખી કામ કરવાનો નિરધાર કર્યો હતો. પરંતુ વ્યક્તિગત હરિફાઈ, માન, મોભો, ઇગો જે સમાજના કાર્યકર્તાઓ હોદ્દેદારોના હોય અને તેમની સાથે સમાજ માટે, સંસ્થા માટે કામ કરવામાં ખૂબ મોટી અડચણો આવે છે. તેનો અનુભવ હું આ તકે કરી રહ્યો છું. પરંતુ હું બધું જ ભૂલી જઈ સર્વેને સાથે રાખી સમાજની આ સંસ્થાને ઊભી કરવી છે તેમાં બે મત નથી. હું સમાજના નાનામાં નાના માણસથી મોટા દાતાશ્રીઓને હાથ જોડી વિનંતી કરું છું કે આપ આપનું યોગદાન આપી/અપાવી આપણા બાળકોના ભવિષ્યના વિકાસ અને પ્રગતિમાં સહભાગી થશો. આપ સર્વને બે હાથ જોડી આજીજી કરું છું.

આપણા આ ભવનનું કામ પુરજોષમાં ચાલી રહ્યું છે. થોડાક સમયમાં ત્રીજા માળનું બાંધકામ પૂરું થશે. હું અને મારું ટ્રસ્ટી ગણ આર્થિક સંકડામણ અનુભવી રહ્યું છે. બિલ્ડરને તેના કરેલ કામનું પેમેન્ટ કરવાનું થાય છે. સમગ્ર વાળંદ સમાજ, સૌરાષ્ટ્ર, કચ્છ, કાઠીયાવાડ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાતના સમગ્ર વાળંદ ભાઈઓનો સંપર્ક કરી માઇક્રો પ્લાનીંગથી દાન માટેની ટહેલ/અપિલ કરવાનું આયોજન કરી રહ્યા છીએ. આ નમ્ર અપિલને ધ્યાને લઈ આપ અમને દાન માટે સામેથી બોલાવશો તેવી આશા રાખીએ છીએ. દરેક સમાજના ગોળ, પરગણા, જથના પ્રમુખશ્રી,મંત્રીશ્રીઓ આ માટે પહેલ કરશે તેવી આશા રાખું છું. ગુજરાતના મોટા શહેરો, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, ભૂજ વગેરે શહેરના હેર કટીંગ સલૂનની એસોશીએશનના પ્રમુખ, મંત્રીશ્રીઓ આ માટે તેમની મીટીંગ યોજી, મોટું દાન ભેગું કરશો તેવી આશા રાખું છું.

સંસ્થાની ટ્રસ્ટી મંડળની મીટીંગ તા. ૨૮-૧-૨૦૨૫ના રોજ મળનાર છે. જેમાં વિગતે દાન મેળવવા માટે બધા ટ્રસ્ટીશ્રીઓની સલાહ અને માર્ગદર્શન મેળવનાર છીએ. ત્યારબાદ ટૂંક સમયમાં કારોબારી અને જનરલ સભાનું આયોજન પણ થનાર છે. જેમાં વિગતે ચર્ચા કરીયોગ્ય નિર્ણયો લેવાય તેનું આયોજન વિચારી રહ્યા છીએ. જનરલ સભા સર્વોત્તમ સભા છે. જેમાં સર્વ સંમતિથી લેવાયેલ નિર્ણયો સર્વેને માટે બંધનકર્તા છે. સાથે સંસ્થાના વિકાસ અને ભવિષ્યના આયોજન માટે પણ વિચારવાનું છે તથા તે પ્રમાણે નિર્ણયો લેવાના છે.

આ તકે હું કંઈ વિશેષ કહેતો નથી આપ સર્વના સહકારની આશા રાખી મારી કલમને વિરામ આપું છું. થોડું લખ્યું જાજુ સમજશો તેવી અપેક્ષા રાખું છું. 'સર્વનું કલ્યાણ થાય, ભગવાન સૌને સદ્‌બુદ્ધિ આપે.' અસ્તુ.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## તંત્રીશ્રીની કલમે...

# સ્વ. જ્યોતીન્દ્રભાઈ રેવાભાઈ નાયી

**જન્મ તા. ૮-૧૦-૧૯૩૨**
**અવસાન તા. : ૧૮-૨-૨૦૧૨**

ગુજરાત વાળંદ સેવા સંઘે હાલમાં જૂના વિદ્યાર્થીગૃહની જગ્યાએ નવિન બહુમાળી ભવનનું બાંધકામ હાથ ધર્યું છે ત્યારે આ ભામાશા જેવા મહા માનવની ખોટ વર્તાય છે. તો તેમની તેરમી પુણ્યતિથિએ તેમના સંસ્મરણો વાગોળી તેમને શ્રદ્ધાંજલિ આપીએ.

સોસ્તર જૂથ નાયી સમાજના પનોતા પુત્ર, અગ્રણી ઉદ્યોગપતિ, સોસ્તર સમાજના જ નહિ પણ સમગ્ર ગુજરાત સૌરાષ્ટ્રના નાયી-વાળંદ સમાજના દાનેશ્વરી દાતા. સમાજનું હિત હંમેશાં જેના હૃદયકમળમાં વસેલું હતું, સમાજના વિકાસ અને ઉત્થાન માટે રાત-દિવસ ચિંતન કરનાર, નિરાભીમાની, નિખાલસ, વ્યવહારકુશળ, વદન કમળમાં સતત હાસ્ય રેલાવતા એવા સ્વ. જ્યોતિન્દ્રભાઈ નાયીએ વાળંદ નાયી સમાજનું કલેવર બદલવા સિંહ ફાળો આપેલ છે.

ઝામ્બિયાના ટોચના ઉદ્યોગપતિ તરીકે સ્થાન પામી જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે. મોટા ગજાના ઉદ્યોગપતિ હોવા છતાં પણ એમના બંગલે એમને મળવા ગયા હોય તો તેમની શાલિનતા, સૌમ્યતા અને સજ્જનતાના વ્યવહારથી જ્ઞાતિબંધુઓ આનંદવિભોર થઈ જતા હતા. કન્યા કેળવણીના તેઓ ખાસ આગ્રહી હતા. આપણા બાળકો ઉચ્ચ શિક્ષણ અને ભણતરની સારી સગવડ મળે તે માટે માતબર દાન આપણા છાત્રાલયોને આપ્યું છે.

દેશવિદેશમાંથી આપણા સમાજના યુવાન ભાઈઓને ઝામ્બિયા બોલાવી નોકરી ધંધામાં પરોવી જીવનમાં ઉન્નતિ થાય તે માટે માર્ગદર્શન આપતા હતા. જીવનનો ધ્યેય ઉન્નતિ અને વિકાસલક્ષી હોવો જોઈએ તે તેમનો મુદ્રાલેખ હતો. તેઓશ્રીએ જીવનમાં એક કુશળ ઉદ્યોગપતિ તરીકે સફળતા પ્રાપ્ત કરી હતી. પોતાની કોઠા સૂઝને કારણે સને ૧૯૬૪માં ઝામ્બિયા ફેશન લીમીટેડ કું.ની સ્થાપના કરી દેશમાં પ્રથમ સ્થાન શોભાવેલું. ઝિમ્બાબ્વેના હરારે શહેરમાં ટેક્ષ્ટાઈલ મીલની સ્થાપના કરી લગભગ ૭૦૦ માણસોને રોજી રોટી મળી રહે તેવું એકમ વિકસીત કર્યું જે આફ્રિકામાં મોટામાં મોટી મીલ બનાવી હતી. યુનિયન બેંક ઓફ ઝામ્બીયાના ચેરમેન તરીકે જવાબદારી સ્વિકારી સફળ કામગીરી સંભાળી હતી.

સામાજિક ક્ષેત્રે તેમનું યોગદાન વિશિષ્ઠ હતું. સોસ્તર જુથ નાયી સમાજ માટે આપેલું રૂા. એકાવન લાખનું માતબર દાન ભૂલી શકાય તેમ નથી. તેમના પિતાશ્રી સ્વ. રેવાભાઈની ઇચ્છા વિજાપુર મુકામે આવેલ પૂ. લિંબચ માતાજીની ખંડિત મૂર્તિની જગ્યાએ નવિન મૂર્તિ સ્થાપિત કરવી તે જવાબદારી શ્રી જ્યોતિન્દ્રભાઈએ લઈને નવીન મૂર્તિ લાવીને ત્રણ દિવસના ધામધૂમ પૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય યજમાન બની આજના આધુનિક અને ભવ્ય મંદિરના પ્રેરણાદાયી બન્યા હતા.

ગુજરાત વાળંદ સેવા સંઘ સંચાલિત વાળંદ વિદ્યાર્થીગૃહને નિર્માણ સમયે જ સને ૧૯૫૯માં તે વખતે રૂા. ૩૦,૦૦૦/-નું માતબર દાન આપી - અપાવી પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહ નામ આપ્યું. સંસ્થાને આર્થિક રીતે પગભર કરવા નિયમિત આવક ચાલુ રહે તેવી ગણતરી સાથે આ વિસ્તારની અન્ય સંસ્થાઓમાંથી ઉદાહરણ લઈ જમાના અનુરૂપ હૉલ બનાવી આવક ઊભી કરવા રેવાબાના નામ ઉપર રેવાબા સાંસ્કૃતિક હૉલ માટે રૂા. ૧૮ લાખનું દાન આપી હોલ બનાવડાવ્યો. રેવાબા સાંસ્કૃતિક હૉલ અને પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહને ખંડેર અવસ્થામાંથી બહાર લાવવા રીનોવેશન માટે સ્વ. જ્યોતિન્દ્રભાઈએ કોઈ પણ જાતની શરત વગર રૂા. ૧૫ લાખનું દાન આપી બીજા રૂા. ૪૫ લાખની જાહેરાત કરાવી કુલ રૂા. ૬૦ લાખ ઉભા કરાવ્યા.

ઝામ્બિયામાં પણ તેમની સેવાઓ વિવિધક્ષેત્રની સંસ્થાઓમાં ઘણી મોટી છે. (૧) ભારત સ્પોર્ટસ ક્લબ ઓફ ઝામ્બિયાના મંત્રી તરીકે, (૨) લિવિંગ્સ્ટન હિંદુ એસોસીએશનના પ્રમુખ તરીકે, (૩) કોમર્શી/યલ ઇન્ડસ્ટ્રીઝ લિંવિંગ્સ્ટનના પ્રમુખ તરીકે, (૪) હિંદુ એસોસીએશન ઓફ ઝામ્બિયાના પ્રમુખ તરીકે, (૫) ઝામ્બિયા પ્રજાસત્તાક દિન ઉજવણી કમિટિના ખજાનચી

તરીકે, (૬) ઝામ્બિયા એરવેઝ તથા નેશનલ એરલાઈન ઝામ્બિયાના નિયામક તરીકે, (૭) ઝામ્બિયા હિંદુ એસોસીએશનના ખજાનચી તરીકે, (૮) રોટરી ક્લબ ઓફ લિવિંગ્સ્ટન તથા રોટલી ક્લબ ઓફ ઝામ્બિયાના પ્રથમ એશિયન પ્રમુખ તરીકે વગેરે વગેરે.

૧૩મી પુણ્યતિથિએ આ વિરલ વિભૂતિને કોટિ કોટિ વંદન.

**અરવિંદભાઈ એસ. વૈદ્ય**

---

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે જાન્યુઆરી-૨૦૨૪ માસમાં

## જમા થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૫૧,૦૦૦/- | સવિતાબેન મણીલાલ પારેખ, આણંદ |
| ૫,૧૫૧/- | શંકરલાલ ફતાભાઈ નાઈ, ગેરીતા, હાલ અમદાવાદ |
| ૫૦,૦૦૦/- | મહેશકુમાર છનાલાલ રાજન, અમદાવાદ |
| ૫,૧૫૧/- | કનૈયાલાલ ભગવાનદાસ નાયી, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રીમતી અલકાબેન ઠાકોરલાલ પારેખ, યુ.એસ.એ. (ન્યુજર્સી) |
| ૧,૦૦,૦૦૦/- | દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | રમેશભાઈ ધનજીભાઈ લિમ્બાચીયા, ચવેલી, હાલ અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | દિપકભાઈ ડાહ્યાભાઈ પારેખ, આણંદ |
| ૧૧,૦૦૦/- | માતાપિતાના સ્મરણાર્થી કૃષ્ણ અર્પણ, અમદાવાદ |

**માનવંતા દાતાશ્રી તથા દાન માટે પ્રેરણારૂપ બનનાર સહુનો ગુ. વા. સેવા સંઘ આભાર વ્યક્ત કરે છે.**

સંકલન : ભાનુભાઈ એન. વૈદ્ય,
મંત્રી, ગુજરાત વાળંદ સેવા સંઘ

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

## વાળંદ વિકાસના ગ્રાહકો જોગ

સૂજ્ઞ ગ્રાહકમિત્રો, આપના અવારનવાર ગમે ત્યારે માસીક 'વાળંદ વિકાસ' ન મળ્યાના ફોન આવે છે. માટે આપને ખાસ વિનંતી કે પ્રથમ આપના ત્યાં ટપાલ લઈ આવતા પોસ્ટમેન તથા સ્થાનિક પોસ્ટઓફીસનો સંપર્ક કરવો અત્યંત જરૂરી, આપના 'વાળંદ વિકાસ' અંકો દર માસની ૨જી તારીખે રવાના કરવામાં આવે છે. અને તે અંગેનું રજિસ્ટર કાર્યાલયમાં નિભાવવવામાં આવે છે. જેમાં અંકો મોકલ્યાની પાકી પહોંચ પોસ્ટ ખાતામાંથી મળે છે. જો કોઈ સંજોગોમાં 'વાળંદ વિકાસ' ન મળે તો આપનો ગ્રાહક નંબર અંકના સરનામા સાથે લખેલો હોય છે. તે નોંધી ખાત્રી કરવી કે આપ કાયમી આજીવન ગ્રાહક છો ? કે વાર્ષિક. જો વાર્ષિક ગ્રાહક હોય તો તેની તારીખ લખેલી છે જે તપાસી લવાજમ રીન્યુઅલ કરવું જરૂરી છે. **છતાં કોઈ મુશ્કેલી જણાય તો કાર્યાલયમાં મો. નં. ૯૫૧૦૦ ૮૩૩૨૬ પર મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિંબાચીયાનો સંપર્ક કરવો.**

વાળંદ વિકાસમાં મોકલેલું મેટર, સ્વચ્છ સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખીને મોકલવું. વોટ્સએપ પર મોકલેલ મેટર બરાબર વંચાતું ન હોવાથી ભૂલો કે અધુરી માહિતી રહે તેની વધુ શક્યતા છે. ખાસ લગ્નવિષયક બાયોડેટા જો ગુજરાતીમાં માહિતી લખેલ હોય તો બધા સરળતાથી વાંચી શકે અને બાયોડેટા મોકલનારની મરજી આતો માત્ર સૂચન છે. વાળંદ વિકાસની PDF દર માસે મોકલવામાં આવે છે. તે વાંચવી, નકલ મેળવવા વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- છે. આજીવન કાયમી માટે દેશમાં રૂા. ૧૫૦૦/- છે. PDF મેળવવા માટે કોઈને ફોન ન કરવા વિનંતી છે. આપનું મેટર જથ-મંડળના સમાચાર પ્રવૃત્તિઓનો અહેવાલ, બાયોડેટા વગેરે દર માસની ૨૦ તારીખ સુધી મળી જાય તે રીતે મોકલવું. ઉપરની વિગતે સહકાર આપવા વિનંતી.

**બાલુભાઈ પારેખ, પ્રકાશક**

# પ્રાદેશિક સમાચાર

## વાળંદ કન્યા છાત્રાલય ભાવનગર ખાતે દશાબ્દિ મહોત્સવ- સત્કાર સમારોહ યોજાયો




ગુજરાત રાજ્યમાં એકમાત્ર ભાવનગર શહેરમાં આવેલ શ્રી વાળંદ કન્યા છાત્રાલય ખાતે તા. ૨૯ ડિસેમ્બરના રોજ કન્યા છાત્રાલયનો દશાબ્દિ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા ખાતે નવા બનાવેલ ઓરડાનું શ્રી દિલીપભાઈ વાઘેલા, કોકીલાબેન નાથાણી, સુરેશભાઈ બુધેલીયા તથા શ્રીમતી વર્ષાબેન તથા શ્રી હરેશભાઈ ભટ્ટીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સત્કાર સમારોહ શ્રી દિલીપભાઈ વાઘેલાના અધ્યક્ષસ્થાને શ્રી ગોહિલવાડ વાળંદ વાડી ખાતે યોજવામાં આવેલ. જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રી સંજયભાઈ રાવરાણી, શ્રી સુરેશભાઈ બુધેલીયા તથા શ્રીમહેન્દ્રભાઈ જોટંગીયા, શ્રી હરેશભાઈ ભટ્ટી, શ્રી કિરીટભાઈ ભટ્ટી, શ્રી મનહરભાઈ રાઠોડ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના નવા બનાવવામાં આવેલ ઓરડાઓ માટે દાન આપનાર સર્વશ્રી ગ.સ્વ. કોકીલાબેન નાથાણી, દિલીપભાઈ વાઘેલા, હરેશભાઈ ભટ્ટી કિરીટભાઈ ભટ્ટી ડો. જગદીશભાઈ ભટ્ટી, રાકેશભાઈ વાઘેલા, સંજયભાઈ હિરાણી, ચીમનભાઈ પરમાર જીગરભાઈ ભટ્ટી, રમેશભાઈ ભાટી, હર્ષદભાઈ બારડ વિગેરે સહિત કુલ ૪૦ દાતાઓનું સાલ તથા પુષ્પગુચ્છ થી સન્માન કરવામાં આવેલ હતુ આ પ્રસંગે ઉપસ્થિત શ્રી મનહરભાઈ રાઠોડ તથા શ્રીહરેશભાઈ ભટ્ટી દ્વારા સંસ્થા છાત્રાલય સંસ્થાના કાર્યકરો નું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે છાત્રાલયના ટ્રસ્ટીઓ સર્વશ્રી ચંદુભાઈ ભટ્ટી, મહેશભાઈ ચૌહાણ, અનિલભાઈ પરમાર, ડો. પંકજભાઈ સોલંકી, ભરતભાઈ વંકાણી વગેરે દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવવામાં આવી હતી. કન્યા છાત્રાલય સંસ્થાના પ્રમુખ ડો. જયશ્રીબેન રામાણી દ્વારા મહેમાનોનું સ્વાગત તથા ઉપપ્રમુખ ડો. પ્રતિભાબેન ભટ્ટી દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી .સમગ્ર કાર્યક્રમનું સંકલન, માર્ગદર્શન જ્ઞાતિ અગ્રણી રાજુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વ દાતાઓ તથા મહેમાનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આમંત્રિત મહેમાનો તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો નો સંસ્થા દ્વારા આભાર માનવામાં આવેલ છે.કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાઈ જતા ઠેર ઠેરથી સફળ આયોજન બદલ સંસ્થાને શુભેચ્છાઓ મળી રહી છે.

**- શ્રી વિપુલભાઈ હિરાણી**

## અડાઠમ જથ પ્રગતિ મંડળ અમદાવાદ તરફથી સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અડાઠમ જથના અમદાવાદ ખાતે રહેતા ભાઈઓ તથા અડાઠમ જથની ૫ર ગોળમાં પરણાવેલી દીકરીઓના અમદાવાદ ખાતે રહેતા પરિવારનો તા.૧૧/૧/૨૫ શનિવારના રોજ કેશવ વાડી, મામા કલ્યાણ ચોક, નરોડા અમદાવાદ ખાતે શ્રી બાલુભાઈ પારેખના માર્ગદર્શન અને આર્થિક સહયોગ સાથે તથા તેમના પ્રમુખ સ્થાને પ્રથમ સ્નેહ સંમેલન સફળતા પુર્વક યોજવામાં આવેલ.જે સ્નેહ સંમેલન યોજવા અમદાવાદ ખાતે રહેતા અડાઠમ જથના શ્રી શામળભાઈ

છગનભાઈ નાયી હડીયોલ, શ્રી જગદીશભાઈ અંબાલાલ પારેખ અડપોદરા, શ્રી ભરતભાઈ ડાહ્યાભાઈ પારેખ અડપોદરા, શ્રી રાજેશભાઈ ડાહ્યાભાઈ વાળંદ અડપોદરા, શ્રી મયુરભાઈ ગોવિંદભાઈ નાયી ગાભોઈ, શ્રી લાલાભાઈ અમૃતભાઈ વિસાવાડા, શ્રી અતુલભાઈ સોમાભાઈ નાયી ગઢોડા, શ્રી રોહિતભાઈ કીરીટભાઈ ગઢોડા, શ્રી રાજેશભાઈ રામાભાઈ ગઢોડા તથા અન્ય તમામ સભ્યો ભેગા મળી અડાઠમ જથ નાયી પ્રગતિ મંડળ અમદાવાદ ની રચના કરી આ મંડળના નેજા હેઠળ ટુંકા ગાળામાં અમદાવાદ ખાતે રહેતા અડાઠમ જથના પરિવારના સભ્યો ની માહિતી એકત્ર કરી પત્રિકા તૈયાર કરવામાં આવેલ.જે પત્રીકાનું શ્રી બાલુભાઈ પારેખ તથા શ્રી જશુભાઈ મહારાજ માઈભકત મારફતે વિમોચન કરવામાં આવ્યું. આ સ્નેહ સંમેલનમાં અડાઠમ જય, નાયી સમાજના અમદાવાદ ખાતે રહેતા ૨૦૦ વડીલો, ભાઈઓ અને બહેનો હાજર રહેલ. આ કાર્યક્રમમાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વડીલોનુ શાલ ફુલ હારથી સન્માન કરવામાં આવ્યું.મંડળની રચના અને ભવિષ્યના કાર્યક્રમ બાબતે ચર્ચા કરી.આગામી વર્ષના ભોજનના દાતા તરીકે શ્રી અતુલભાઈ સોમાભાઈ નાયી ગઢોડા તરફથી અને કાર્યક્રમના સ્થળ ની વ્યવસ્થાના દાતા શ્રી હાર્દિકભાઈ અરવિંદભાઈ વદરાડ તરફથી જાહેર કરવામાં આવ્યું છે. સાથે સાથે આ અડાઠમ જથ નાયી પ્રગતિ મંડળને શ્રી બીપીનભાઈ ટી.નાયી પ્રમુખ, અડાઠમ જથ નાયી કેળવણી મંડળ, હિંમતનગર લિબંચ ધામ તરફથી રૂપિયા ૫૧૦૦/- દાન પણ મળે છે જે બદલ મંડળ તરફથી તેઓશ્રીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

આ કાર્યક્રમના ભોજનના દાતા શ્રી બાલુભાઈ બબાભાઈ પારેખ તથા તેમના પુત્રો શ્રી મહેશભાઈ બાલુભાઈ પારેખ અને અંકિત બાલુભાઈ પારેખ તથા રૂપિયા ૫૧૦૦ રોકડ રકમના દાતા શ્રી અનીલભાઈ હીરાભાઈ પારેખ તથા અતુલભાઈ સોમાભાઈ નાયી વય નિવૃત થયેલા હોઈ અને રૂપિયા ૫૦૦૦/- રોકડ સહાય કરવા બદલ શાલ ફુલહારથી સન્માનિત કરવામાં આવ્યા.

**પ્રેષકઃ શામળભાઈ છગનભાઈ નાયી,**
**હડિયોલ**

## શ્રી દોતોર જુથ લીમ્બાચીયા સમાજ ખેરાલુ (જિ. મહેસાણા)

શ્રી દોતોર જુથ લીમ્બાચીયા સમાજ ખેરાલુ, જિ. મહેસાણાના અમદાવાદમાં વસતા પરિવારજનોનો કેળવણી મંડળની ૨૦૨૩-૨૪ના વાર્ષિક હિસાબ તથા ઈનામ વિતરણ તથા સ્નેહમિલનનો ૧૫મો કાર્યક્રમ નવા વાડજ સાકળચંદ બાપુની વાડીમાં આમંત્રીત મહેમાનો તથા દાતાઓ તથા દોતોર પરિવારની ઉપસ્થિતિમાં લીંબચ યુ. કો. બચત ક્રેડીટ સોસાયટી અમદાવાદના પ્રમુખ શ્રી રમણભાઈ લીંબાચીયા (સુંઢિયા)ના અધ્યક્ષસ્થાને યોજાયો. માતાજીના દિપ પ્રાગટ્ય-પ્રાર્થના-સ્તુતિ તથા રાષ્ટ્રગીત તથા દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ હતી. જુ.કે.જી.થી ધો. ૧ થી ૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓના ઈનામો અપાયા હતા. ઈનામોના દાતાઓ તથા ભોજન, ચા, નાસ્તા મીનરલ પાણી, આઈસક્રીમ તથા અન્ય દાતાઓનું તથા આમંત્રીત મહેમાનોનું સાલ-બૂકેથી સન્માન કરાયું હતું.

કેળવણી કાર્યક્રમમાં રાજેશ્રીબેન હાર્દિકકુમાર તથા યશવંતભાઈ તથા જનકભાઈ શર્મા (મંડાલી) તથા ચંદ્રીકાબેન હસમુખભાઈ લીંબાચીયા (ખેરાલુ), ડૉ. ભાર્ગવભાઈ વૈદ્ય (સાગથળા) તથા સ્વાતીબેન રાહુલકુમાર લીંબાચીયા (અમદાવાદ), વિષ્ણુભાઈ બી. લીંબાચીયા ખેરાલુ તેમજ અંકિતભાઈ ભરતભાઈ (ખરાસણા), અતિથિ વિશેષ શ્રી કમલેશભાઈ શર્મા તથા તેમના ધર્મપત્નિ હેમલતાબેન શર્મા રૂા. ૧૧૦૦૦/- અગીયાર હજારનું દાન કેળવણી મંડળને આપનાર તથા મુકેશભાઈ લીંબાચીયા સિપોર (પાટણ) તથા ડૉ. ભરતભાઈ (કોદરામ) તથા ડૉ. કેયુરભાઈ લીંબાચીયા (ખેરાલુ) અમદાવાદ કેળવણી મંડળના પ્રસંગમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

કેળવણી મંડળમાં વર્ષોથી પ્રમુખ તરીકે સેવા આપનાર બાબુભાઈ લીંબાચીયા (બળાદ) અમદાવાદ તથા કેળવણી મંડળના સર્વ હોદ્દેદારો તથા દાતાઓના સાથ સહકારે પ્રસંગે યોજાયો. એન્કર તરીકે પ્રમુખ બાબુભાઈની સુપુત્રી રાજેશ્રીબેને સરસ સુંદર રીતે રજુઆત કરી હતી.

**કાન્તિલાલ એલ. લીંબાચીયા, બળાદ વિસનગર**
**(પ્રમુખ : દોતોર જુથ લીંબાચીયા સમાજ ખેરાલુ)**

## શ્રી લીમ્બાચિયા કર્મચારી મિત્ર મંડળ પાટણ સ્નેહમિલન તથા ઈનામ વિતરણ કાર્યક્રમ ડિસેમ્બર 2024

તારીખ ૨૫/૧૨/૨૦૨૪ બુધવારના રોજ પાટણ મેલડી માતાજીના સાનિધ્યમાં મંડળના પ્રમુખશ્રી રમેશચંદ્ર પી. લીમ્બાચિયા (જાખેલ)ના અધ્યક્ષ સ્થાને સ્નેહ મિલન તથા ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં મહેમાન તરીકે માધવલાલ બાલીસણા, લાલજીભાઈ શર્મા રાધનપુર, શૈલેષભાઈ દિયોદર, ડૉ.દિનેશભાઈ બલોધણ, અશોકભાઈ C.R.C. દિયોદર, વિનોદભાઈ કાપડના વેપારી ખીમાણા તથા ભરતભાઈ નાયી પશુચિકિત્સક ઝાલમોર હાજર રહી તમામ મિત્રોએ શિક્ષણ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર પાટણ કર્મચારી મિત્ર મંડળના પ્રમુખશ્રી રમેશચંદ્ર પી. લીમ્બાચિયા તથા મંત્રીશ્રી શૈલેષભાઈ લિમ્બાચિયા RSS તથા હોદ્દેદાર મિત્રોના કાર્યોને પોતાના વક્તવ્યમાં ઉજાગર કર્યા હતા.

આ તબક્કે પાટણમાં વસતા લીમ્બાચિયા કર્મચારી મિત્રો પરિવાર સાથે બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમના સંતાનોને ગુણવત્તા અનુસાર મહેમાનોના હસ્તે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મંડળમાથી નિવૃત થનાર ગિરીશભાઈ લીમ્બાચિયા, રમેશભાઈ નાયી વગેરે મિત્રોનું શ્રીફળ, સાકર, સન્માનપત્ર દ્વારા વિદાય સન્માન સમર્પિત કરવામાં આવ્યું હતું. નવીન કર્મચારી મિત્રોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળની બહેનોએ કર્યું હતું. સર્વે મિત્રોએ સાથે ભોજન લીધું હતું. આગામી વર્ષ માટે નવીન કારોબારીની રચના કરી હતી.

**અહેવાલ : પ્રમુખશ્રી રમેશચંદ્ર લિમ્બાચિયા જાખેલ તથા મંત્રી શ્રી શૈલેષભાઈ લિમ્બાચિયા પાટણ RSS**

## શ્રી લિમ્બચિયા ઉત્કર્ષ મંડળ સોલા રોડ અમદાવાદ નો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ અને ઈનામ વિત્રરણ કાર્યક્રમ

શ્રી લિમ્બચિયા ઉત્કર્ષ મંડળ સોલા રોડ અમદાવાદ નો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ અને ઇનામ વિત્રરણ કાર્યક્રમ ત. ૨૫/૧૨/૨૦૨૪ના રોજ પ્રગતિનગર હોલ, અમદાવાદ મુકામે યોજવામા આવેલ. આ પ્રસંગે બધા જ ગોળના લિમ્બચિયા સમાજના ભાઈ-બહેનો અને બાળકો હાજર લગભગ 600 વ્યક્તિ ઓ એ લાભ લીધેલ. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી ગૌરાંગભાઈ જયંતીભાઈ દસલાનિયા, શ્રીમતી સુશીલાબેન ભુપેન્દ્રભાઈ પારેખ, શ્રીમતી સરોજબેન પી. પારેખ, શ્રી ચૈતન્યભાઈ મહાવદીયા, ડો. નેહાભાઈ પારેખ, શ્રી સુરેશભાઈ ડમણી, શ્રી રમણભાઈ થોળ વાળા, શ્રીમતી નલિનીબેન લિંબાચિયા, શ્રી રમેશભાઈ ઈશ્વરભાઈ લિંબાચિયા, શ્રી કાલિદાસ કે પટેલ, શ્રી ભાનુભાઈ વૈદ્ય તથા સમાજના મોટા સ્થાન શોભાવતા ભાઈઓ અને બહેનો અને બાળકો ઉપસ્થિત રહી આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

પ્રોગ્રામની શરુઆત રાષ્ટ્ર ગીતથી કરવામા આવી. ત્યાર બાદ શ્રી રમેશ ભાઈ પારેખે પ્રાર્થનાના ગીત ગાઇ અને આવેલ તમામ મહેમાનોએ દીપ પ્રાગત્ય કરી કાર્યક્રમની શરુઆત કરવામા આવી. સ્વાગત પ્રવચન શ્રી બાબુભાઈ નાઇ, મંડળના ખજાનચી દ્વારા કરવામાં આવી. મંડળના પ્રમુખ શ્રી ભૂપેન્દ્ર ભાઈ પારેખે મહેમાનો તથા મંડળની કાર્ય અંગે અહેવાલ આપ્યો અને મંડળના કાર્યોને બિરદાવિ સમાજના વધુ વધુ લોકો આ પ્રોગ્રામમાં સામેલ થઈ બાળકોને વિકાસ ની ચાવી આપે તેવી અપીલ કરી હતી. મંડળના શિક્ષણ સમિતિના સભ્યો શ્રી કનુભાઈ લિમ્બચિયા દ્વારા ઈનામ વિતરન ની કામગીરી સુંદર રીતે સંભાળી હતી. રસોડા સમિતિના સભ્યો શ્રી હિમાંશુ ભાઈ પારેખ, શ્રી મહેશ ભાઈ પારેખ તથા શ્રી રસિકભાઈ પારેખ દ્વારા સુંદર ભોજન ની વ્યવસ્થા સંભાળી હતી. શ્રી રમેશ ભાઈ પારેખે સુંદર રીતે ઉદઘોષક તરીકે ની જવાબદારી સંભાળી હતી.

બાળકો માટે ચિત્ર હરીફાઈ યોજવામાં આવેલ જેમાં ૫૦ થી વધુ બાળકો એ પોતાની પ્રતિભા શોભાવી સ્થાન મેળવેલ. હાજર રહેલ અને ભાગ લીધેલ તમામ બાળકોને મંડળ દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. મંડળ દ્વારા ધોરણ ૧ થી ૧૨ સુધી અભ્યાસ કરતા અને ત્યાર બાદ ડિગ્રી અને માસ્ટર ડીગ્રી, ડિપ્લોમા, એન્જિનિયરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનેને પણ પ્રથમ ત્રણ આવનારને શિલ્ડ આપવામાં આવેલ

અને ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને ૧૨૫ થી વધુ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

હાજર રહેલા તમામ મહાનુભાવોએ પોતાના વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓ તથા તેમના માતા પિતાને શુભેચ્છા પાઠવી અભિનંદન આપ્યા અને સાથે પોતાના બાળકો મોબાઈલના દૂષણ થી દૂર રહી અભ્યાસમાં વધુમાં વધુ આગળ આવી કુટુંબ અને સમાજ નું નામ રોશન કરે એવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

દરેક માતા પિતા પોતાના બાળકોને રોજ ઘરમાં એક વાર્તા કહેવી જોઈએ તેમજ દરેકે રામાયણ અને ગીતા વિશે સમજૂતી આપવી જોઈએ જેથી આદર્શ સંસ્કારી બાળકના ગુણ મેળવી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે. આજના આ ભૌતિક વાદના જમાનામાં બહારના દૂષણો થી બચાવી શકાય. બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે જ પ્રયત્નો કરવા તેમજ તેઓનો શારિરીક અને આર્થિક વિકાસ થાય તેવુ આયોજન કરવુ જોઇએ. શ્રીમતી નેહા બેન પારેખ અને શ્રીમતી કોકિલબેન પારેખે મનનીય પ્રવચન કર્યા હતાં.

કાર્યક્રમમાં દાતાઓ પણ આવતા હોય છે અને આર્થિક સહાય પણ કરતા હોય છે. જેના આધારે આયોજકો સંચાલન કરી શક્તા હોય છે.માં લિમ્બચ ની કૃપાથી મંડળને સારી મદદ પણ થઈ છે.

(૧) શ્રી ગૌરાંગભાઈ જયંતીલાલ દલસાણીયા રૂા. ૧૧,૦૦૦/- (૨) શ્રીમતી સુશીલાબેન ભૂપેન્દ્રભાઈ પારેખ રૂા. ૧૧,૦૦૦/- (૩) શ્રીમતી નલીનીબેન મનહરલાલ લિંબાચીયા રૂા. ૫૦૦૦/- (૪) શ્રી રમેશભાઈ ઈશ્વરલાલ લિંબાચીયા રૂા. ૫૦૦૦/- (૫) શ્રીમતી ગીતાબેન જયંતીભાઈ દસલાણિયા રૂા. ૫૦૦૦/- (૬) શ્રીમતી સરોજબેન પ્રહલાદભાઈ પારેખ રૂા. ૫૦૦૦/- (૭) શ્રી ચૈતન્યભાઈ મહાવદીયા રૂા. ૫૦૦૦/- (૮) શ્રી ધર્મેશભાઈ એ. કારેલિયા રૂા. ૫૦૦૦/- (૯) શ્રી સુરેશભાઈ દામાણી રૂા. ૫૦૦૦/- (૧૦) શ્રી જ્યોતિન્દ્ર મધુસુદન સૂર્યાવાલા રૂા. ૫૦૦૦/- (૧૧) શ્રી રમણલાલ રતિલાલ પારેખ (થોલવાડા) રૂા. ૫૦૦૦/- (૧૨) શ્રી પુરુષોત્તમભાઈ ભીખાભાઈ નાયી રૂા. ૩૦૦૦/- (૧૩) શ્રી મૌલિકભાઈ કાન્તિલાલ પારેખ રૂા. ૩૦૦૦/- (૧૪) શ્રી પ્રિતેશભાઈ

Bhumika Travels
Overseas Consultant



S. B. Parekh
M. 9825975236
M. 9426022725

OVERSEAS CONSULTANT, AIR TICKET, PASSPORT, VISA, CONGO VISA, STUDENT VISA, IMMIGRATION, HOTEL BOOKING, PACKAGE TOURS, OVERSEAS INSURANCE

204, Span Trade Centre, Opp. Kocharab Ashram, Nr. Paldi Char Rasta, Ashram Road, Ahmedabad -380 006 Gujarat, INDIA
E-mail : bhumikatravel@gmail.com / www.bhumikatravels.com

ભૂપેન્દ્રભાઈ પારેખ રૂા. ૨૫૦૦/- (૧૫) શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય રૂા. ૨૫૦૦/- (૧૬) શ્રી કાલિદાસ કે. પારેખ રૂા. ૨૫૦૦/- (૧૭) શ્રી ગીરીશભાઈ લિંબાચીયા રૂા. ૨૫૦૦/- (૧૮) શ્રી ઉદયન ગુણવંતભાઈ લિંબાચીય રૂા. ૨૫૦૦/- (૧૯) શ્રી બંસીભાઈ રણછોડભાઈ પારેખ રૂા. ૨૫૦૦/- (૨૦) શ્રી કલ્પેશભાઈ જયંતિભાઈ નાયી રૂા. ૨૫૦૦/- (૨૧) ડૉ. નેહાબેન પારેખ રૂા. ૨૧૦૦/-

આવેલ તમામ મહેમાનોએ બાળકોના ઉત્કર્ષ માટે પોતાની યથાશક્તિ સેવા કરી મંડળ અને સમાજ નો રાજીપો મેળવ્યો હતો. સમારંભના અંતે અને સૌનો મંડળના શ્રી ઉદયંન લિમ્બચિયા એ આભાર વ્યક્ત કરી સૌએ સ્વ રુચિ ભોજન નો લાભ લીધેલ હતો. આભાર,

**ભૂપેન્દ્ર પી પારેખ, પ્રમુખ**

## ગાંધીનગર સોસ્તર સમાજનો સ્નેહમિલન અને શૈક્ષણિક સેમિનાર

ગાંધીનગર સોસ્તર સમાજનો સ્નેહમિલન અને શૈક્ષણિક સેમિનાર તા. ૫-૧-૨૦૨૫ને રવિવારે ગ્રીન્સ




રેસ્ટોરન્ટ કુડાસણના વિશાળ પટાંગમમાં સાંજે ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી ઉજવાઈ ગયો. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે તેમના આયોજકોમાં સંપૂર્ણ યુવા ટીમ હતી જેમાં તેમના કૌશલ્ય, મહેનત અને દીર્ઘદષ્ટિથી આખો કાર્યક્રમ દીપી ઉઠ્યો હતો. ગાંધીનગર સોસ્તર સમાજના પ્રમુખ શ્રી નિલેશભાઈ ગણપતભાઈ પારેખ તથા તેમની યુવા ટીમ કડકડતી ઠંડીમાં પણ મોડી રાત સુધી ગાંધીનગરમાં ઘેર ઘેર ફરી દાતાઓનો સંપર્ક કરી કાર્યક્રમનું આર્થિક ભંડોળ ઉભું કરી તથા આયોજન માટે જે મહેનત કરી છે તે દર્શકોને વિશાળ સ્ક્રીન પર દેખાડી સૌને અભિભૂત કર્યા હતા.

ગાંધીનગરની યુવા ટીમ લાઈનસર એક જ યુનિફોર્મમાં બેસી સૌએ પોતપોતાનો પરિચય આપ્યો. દાતાશ્રીઓ તથા આમંત્રિત મહેમાનોને મંચ પર આમંત્રિત કર્યા. વિજાપુર સોસ્તર જુથ નાયી સમાજના પ્રમુખ શ્રી પંકજભાઈ નાયી, મંત્રીશ્રી શરદભાઈ શર્મા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ગોવિંદભાઈ નાયી તથા ઉપપ્રમુખશ્રી અરવિંદભાઈ વૈદ્યને મંચ પર સ્થાન આપ્યું.

દિપ પ્રાગટ્ય બાદ દાતાશ્રીઓનું ફૂલહાર, શાલ તથા ગુલદસ્તાથી સન્માન કરવામાં આવ્યું. આમંત્રિત મહેમાનો શ્રી પંકજભાઈ, શ્રી શરદભાઈ, શ્રી ગોવિંદભાઈ તથા શ્રી અરવિંદભાઈનું પણ ફૂલહાર, શાલ તથા ગુલદસ્તાથી સન્માન કરવામાં આવ્યું.

સમાજમાં સૌ પ્રથમ વખત ગાંધીનગરના યુવાઓ દ્વારા સરકારી નોકરીમાંથી વયનિવૃત્ત થયેલ ૩૮ વડિલોને ટ્રોફી, મોમેન્ટો અને સાકર આપી સન્માનિત કરી તેમના હૈયા હૂંફ, પ્રેમ તથા આદરથી ભરી દીધા જે તેઓ તેમના જીવનના અંત સુધી ભૂલી શકશે નહીં. કે.જી. થી યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીમાં ભણતા વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનિઓને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા.

ઉત્સાહિત કાર્યકરોના કારણે ઠંડી રાત્રી પણ ઉષ્માસભર બની રહી. ખૂબ જ સુંદર આયોજિત કાર્યક્રમમાં યુવાનોના કાર્યોની મહેનતની સુવાસ આવતી હતી. રાત્રે દસ વાગે સ્વાદિષ્ટ ભોજન લઈ સૌ વિખેરાયા.

**મનહરકુમાર સોમનાથ નાયી,**
**મંત્રીશ્રી સોસ્તર જુથ નાયી સમાજ, ગાંધીનગર**

## BIO -DATA



Name : **Dhruv Parekh**
Date of Birth : 18th July 1997
Time of Birth : 2.15 p.m.
Place of Birth : Nadiad
Contact : +91-9825843700 (Father)

**Over View**

Working as : Motion Designer
Highest Degree : B.Sc. in Animation and Visual Effects (2016)
Height : 5.5
Beliefs : Hindu (Valand
Rashi : Dhan (Sagittarius)
About Myself : I am highly optimistic and fun loving person. I have a good test in Music. I like to Travel, Watch movies & series, I'M a foodie Person
Address : 5, Rajpark Society, Near Jethabhai Vav, Vatva Road, Isanpur-382 443. Ahmedabad, Gujarat

**Family Details**

Father : Jayantkumar Ranchhodbhai Parekh
Occupation : Zydus Pharmaceutical
Mother : Shobhaben Jayantkumar Parekh
Family members : 4
Siblings : One Younger brother

## BIO -DATA



**Personal Details**

Name : **Harshad Shaileshbhai Parekh**
DOB : 18th August, 2001
Birth Place : New Vadaj Ahmedabad
Native : Dekawada Ta. Detroj-Rampura (Dist- Ahmedabad)
Education : (1) M. B. A. (2) Gov. Preparation For Gujarati Steno (Short Hand)
Height/ Weight : 5.4''/ 68 kg
Current Job : Aekads Pvt. Ltd. ( Sr. Manager )
Hobbies : Reading, Travelling, Music, Movies

**Family Details**

Father : Shaileshbhai Amrutbhai Parekh (Job : Ahmedabad Municipal Corporation )
Mother : Nayanaben Shaileshbhai Parekh
Younger Brother : Harin Shaileshbhai Parekh B.E.COMPUTER) (Unmarried) (Current Job – Mantra Softech Pvt. Ltd.)
Sister (Married) : Harita Shaileshbhai Parekh ( B. E. I.T. ) (Currently - Australia)
Maternal Details : Thakarshibhai G. Valand (Panara)
Native : At. Hirapura Ta.Viramgam Dist. Ahmedabad (Currently Ahmedabad Chandlodia)
Resident Address : 51, Gauripuja Society, Nr. Mangaldeep School Opp. Vishwakarma Temple, Post Ranip, New Vadaj, Ahmedabad – 382480
Contact No. : 9998996330, 8866552155
Email I. D. : shailesh.parekh75@gmail.com

## BIO -DATA



**PERSONAL DETAILS**

| | | |
|---|---|---|
| Name | : | **Jinal Panara** |
| Date of Birth | : | 21 March 2001 |
| Height | : | 5' 3" Weight : 50 kg |
| Body Type | : | Slim |
| Blood Group | : | B+ (positive) |
| Cast | : | Hindu Valand |
| Qualification | : | B.A. with Gujarati, (College of L.D. Arts) (2021) & Gujarati Stenographer |
| Occupation | : | Personal Assistant to Joint Sec. (Primary) Education Department, Sachivalaya, Government of Gujarat. |
| Hobbies | : | Travelling, Music, Reading |

**FAMILY DETAILS :**

| | | |
|---|---|---|
| Grand Father | : | Jayrambhai Girdharbhai Panara |
| Grand Mother | : | Chandrikaben Jayrambhai Panara |
| Father | : | Ashvinbhai Jayrambhai Panara Private Secretary to CoT Government of Gujarat. |
| Mother | : | Kapilaben Ashvinbhai Panara (Housewife) |
| Brother | : | Sachin Ashvinbhai Panara Assistant Engineer, Road & Building Department, Government of Gujarat. |
| Sister in Law | : | Meghna Sachin Panara (Master of Pharmacy running) |
| Native | : | At.- Hirapura Ta.- Viramgam Dist.- Ahmedabad |
| Address | : | 86, Giriraj society, Part-2, Nr. Railway Over-bridge, Chandlodiya, Ahmedabad- 382481 |
| Contact Number | : | 9998931929 |

નોંધ : અમદાવાદ અને ગાંધીનગર રહેતા હોય અથવા રહેવાની ઇચ્છા ધરાવતા હોય તેઓએ જ સંપર્ક કરવા વિનંતી છે.

## BIO -DATA



**Personal Details**

| | | |
|---|---|---|
| Name | : | Smit Parekh |
| Date of Birth | : | 7 June 1999 |
| Place of Birth | : | Matar, Gujarat (India) |
| Height | : | 6' |
| Religious | : | Hindu Valand |
| Native | : | Adas (Anand) |
| Mosal | : | Surat, Gujarat (India) |
| Qualification | : | Bachelor's in IT Engineering, Anand, Diploma in Computer Programming-IoT, Sudbury (Canada) |
| Occupation | : | (1) Food Service Supervisor (2) Company : Gatestone |
| Position | : | Technical Support Representative |
| Living Status | : | Work Permit |

**Family Details**

| | | |
|---|---|---|
| Father | : | Pankajkumar Parekh, Ret. KPCB Bank Accountant (Kheda, Gujarat) |
| Mother | : | Surbhi Parekh, House Wife |
| Sister | : | Riddhi Parekh (Married Residing in Canada) |
| Brother in Law | : | Mahavir Chavda (Residing in Canada) |

**Residence Address :**

India : E-214, Ambica Complex,
Kheda, Gujarat, India
Canada : London, Ontario

**Contact** : +91 9998945675 (Surbhi)
+91 9898155093 (Pankaj)

# પેટનો એક મહારોગ
# નાભિભ્રંશ કે પિચોટી ખસવી

આજે એક એવા રોગ વિષે લખું છું કે જે વિષે આજના આધુનિક ડૉક્ટરોને પ્રાયઃ કંઈ જ જ્ઞાન નથી કે તેની તેઓ ચિકિત્સા કરી શકતા નથી. એ રોગ છે પેટનો - નાભિ કે પેટની ડુંટી કે ડુંટી તેના મૂળ કેન્દ્રમાંથી ખસવાનો રોગ. જેને ગુજરાતી લોકો પિચોટી - કે પેચોટી ખસી જવાનું કહે છે. અંગ્રેજીમાં તેને ડિસપ્લેસમેન્ટ ઓફ અંબલિકા Dislocation of umbilicus કહેવાય છે. આ રોગની સારવાર આજના નવા વૈદ્યો પણ ખાસ જાણતા નથી. નાભિ ખસવાનો રોગ આપણા સમાજમાં જન સાધારણ લોકોમાં વધુ પ્રચલિત છે. આ રોગની ઔષધિ સારવાર ઉપરાંત તેની વિવિધ અન્ય ક્રિયાત્મક વિધિઓ, યોગાસન, પેટ ચોળાવવું જેવી અનેક ક્રિયાઓ દ્વારા વૈદ્ય કે ડૉક્ટર ન હોય તેવા અનેક લોકો આ નાભિ ખસવાની દવા-સારવાર કરી જાણે છે. ખાસ જૂના-અનુભવી વૈદ્યો આ રોગની ચિકિત્સા ચોક્કસ જાણે છે.

**નાભિનું મહત્ત્વ :** પેટની વચ્ચે નાના બટન જેવડી નાભિનું શરીરમાં શું મહત્ત્વ છે, તેના વિષે મોટા ભાગના લોકો અજાણ છે. નાભિ શરીરનું એક એવું મહત્ત્વનું કેન્દ્ર સ્થાન છે, જે વ્યક્તિના શરીર અને મન બંનેના આરોગ્ય સાથે ખાસ સંકળાયેલ છે. વ્યક્તિની નાભિ તેના અસલ મૂળ-મધ્યસ્થ કેન્દ્રમાં જો રહે તો પ્રાયઃ વ્યક્તિ સ્વસ્થ રહે છે, પરંતુ જો એ નાભિ (ડુંટી) તેના મૂળ કેન્દ્રથી ખસી જઈને ઉપર, નીચે કે અડખે-પડખે થઈ જાય તો સમગ્ર દેહની સ્વસ્થતા ડામાડોળ થઈ જાય છે અને વ્યક્તિ એવો બિમાર પડી જાય છે કે જ્યાં સુધી તે ખસેલી નાભિ તેના મૂળ કેન્દ્રમાં પાછી ન આવે, ત્યાં સુધી વ્યક્તિ ફરી સ્વસ્થ થઈ શકતી જ નથી. આવા દર્દીને થતાં દર્દોની પ્રચલિત રૂટિન લાક્ષણિક ચિકિત્સા સફળ થતી નથી. તેથી દર્દી દર્દ-દુઃખ મટાડવા વૈદ્ય-ડૉક્ટરો બદલ્યા કરે છે. તે જ્યાં સુધી અનુભવી જાણકાર પાસે જઈ, પોતાના પેટની નાભિ ખસી છે કે નહીં, તેની પાકી તપાસ ના કરાવે અને જો તે ડુંટી ખસી છે, તે નક્કી થાય, તો પછી તેના જાણકાર દ્વારા યોગ્ય દવા સારવાર કરાય, એટલે દર્દી તરત ૨-૩ દિનમાં જ સાજો થઈ જાય છે.

## નાભિ-ભ્રંશ (પિચોટી ખસવી)ના ખાસ લક્ષણો

શરીરના કેટલાક લક્ષણો કે ચિહ્નો પરથી પેટની નાભિ કે ડુંટી (દુંટી) તેના મૂળ કેન્દ્રથી ઊંચે, નીચે કે અડખે-પડખે ખસી હોય ત્યારે શરીરમાં કેટલાક નવા ઉપદ્રવો કે ખાસ પીડા પેદા થઈ જાય છે. જેમકે નાભિ સ્થાન ભ્રષ્ટ થાય ત્યારે પ્રાયઃ વ્યક્તિને ઝાડા, કબજિયાત, ઉદરશૂળ, પેટ ચુંથાવું, ખભા દુઃખવા, પગની પિંડલીઓમાં દર્દ થવું, આખું શરીર તૂટવું, મન કાયમ બેચેન રહે, સતત અકળામણ રહે, કોઈ કામમાં મન ના લાગે, શરીરે સુખ ન અનુભવાય, આરામ કરવાની ઇચ્છા ખાસ થાય. આ રોગ આવા શરૂઆતનાં લક્ષણોથી પારખી ના શકાય આને તેની સમયસર જરૂરી યોગ્ય દવા ન થાય, તો પછી રોગ સ્ત્રી-પુરુષોમાં અન્ય કેટલાક વિશિષ્ટ રોગો પેદા થઈ જતાં, વ્યક્તિ વધુ રોગગ્રસ્ત અને પીડિત બને છે. જેમકે પુરુષોમાં આ દર્દ જૂનું થતાં તેમને સ્વપ્નદોષ, હૃદય, છાતી કે પેટમાં શૂળપીડા , કોઈને ઝાડા સાથે લોહી પડે તો કોઈને ઝાડાની કબજીયાત થઈ જાય, જ્યારે સ્ત્રીઓમાં આ દર્દ જૂનું ૧ વર્ષથી ઉપરના સમયનું થઈ જાય તો તેમને શ્વેતપ્રદર (પાણી પડવું). માસિકમાં પીડા કે વધુ પડતો માસિક સ્રાવ, માસિકનો રંગ કાળો કે મરુન રંગ થવો, ગર્ભાશયનો અન્ય રોગ તતા વંધ્યત્વ થઈ શકે. ઘણી બહેનોને લગ્ન પછી અનેક વર્ષો થઈ જવા છતાં, સંતાન થતાં નથી. જેને વંધ્યત્વ કહે છે. આવી બહેનોએ એકવાર જાણકાર વૈદ્ય પાસે તેની પિચોટી (નાભિ) ઠેકાણે છે કે નહીં, તેની પાકી તપાસ કરાવી લેવાની અમારી સલાહ છે. અનેક બહેનો માત્ર નાભિ દોષથી સંતાન વગર રહે છે. સ્ત્રી-પુરુષ બંનેમાં જો નાભિ વારંવાર ખસી જતી હોય, ત્યારે વ્યક્તિ વધુ નિર્બળ, અશક્ત, સુકલકડી, નાની ઉંમરે સફેદ વાળ થવા, નજરની ઝાંખપ કે ચશ્મા આવવા, દાંતનો પાયોરિયા રોગ થવા જેવા દર્દોથી પીડાય છે. ચાલુ દવાથી આ દર્દો મટતા નથી.

## નાભિ (દુંટી-પિચોટી) તેના કેન્દ્રમાંથી ખસી જવાના સામાન્ય કારણો

ખાસ કરીને શરીરથી નિર્બલ, પાતળા, અશક્ત, લાંબા સમયથી બિમારની, વાયુદોષની તાસીરવાળાની,

જેમને પેટ-પેઢુમાં વાયુ દોષનો ઉપદ્રવ વધુ થતો હોય તે બધાની નાભિ ખસી જવાની શક્યતા સૌથી વધુ રહે છે. આ ઉપરાંત ચાલતાં ખાડા-ટેકરાવાળા રસ્તે પગ મચકોડાઈ જાય કે ધ્રાસકો પડે, બળવાન સાથે કુસ્તી થાય, લોંગ જંપ કે ઊંચેથી નીચે કૂદતાં, જૂની કબજિયાત રોગથી, રોજ ગેસ-વાયુનો ઉપદ્રવ થતો હોય તેની, વધુ ખાડા-ટેકરાના પથરાળ કાચા રસ્તે કોઈ પણ વાહનમાં લાંબી મુસાફરી કરતાં, પેટ ખોટી રીતે ચોળાવતાં, વધુ વજનવાળી ચીજ ઉપાડતાં નાભિ તેના મૂળ કેન્દ્રમાંથી ખસીને ઉપર, નીચે કે આજુબાજુ જતી રહે છે. આ સ્થાનભ્રષ્ટ નાભિને કારણે કહેલાં અનેક દર્દો થઈ વ્યક્તિ બીમાર પડે છે.

### નાભિ ભ્રંશની ચિકિત્સા : (પિચોટી ઠેકાણે લાવવી)

પિચોટી કે નાભિ સ્થાન ત્યજી દે તે રોગની ચિકિત્સામાં આપણા જનસમાજમાં અનુભવી એવા અનેક સેવાભાવી જાણકારો રહે છે, જેઓ ખસેલી નાભિને પોતાની જ્ઞાન-આવડતની કરામતથી ઠેકાણે લાવી આપે છે. જાણકાર અનુભવી વૈદ્યો સિવાય આવી કળા ડીગ્રીધારી વૈદ્ય-ડૉક્ટરો પાસે પણ નથી હોતી. નાભિ ઠેકાણે ફરી લાવી મૂકવા માટે પ્રથમ જાણકાર એ નક્કી કરે છે કે વ્યક્તિની નાડી તેના મૂળથી કઈ જગ્યાએ ખસી છે. તે પછી તેનો ઉપાય કરાય છે. જેમાં કોઈ ચત્તા સૂતેલી વ્યક્તિના બંને પગના-અંગૂઠા એક સાથે પકડીને ૨-૩ વાર ખેંચે છે અથવા દર્દીની નાભિ ઉપર પાણી ભરેલો ઘડો મૂકે છે અથવા કાચની પ્યાલી કે કપને નાભિ પર કપ નીચે હવા કાઢી, શૂન્યાવકાશ કરી, નાભિ હોય ત્યાં ચૌંટાડીને, તેને મૂળસ્થાને દબાવીને મૂકી દેવાય છે. કેટલાક લોકો પેટ પર તેલ ચોપડીને જ્યાં નાભિ હોય ત્યાં પોતાની ચાર આંગળી કે હાથની હથેળીથી નાભિગ્રંથી પર દબાણ કરી, વારંવાર તેને હાથ-આંગળાના દબાણથી, ખસેડીને મૂળ કેંદ્રમાં મૂકી દેવાય છે. પરંતુ આ કામ અનુભવી વ્યક્તિઓ જ કરી શકે છે. આ ઉપરાંત આવા બાહ્ય બીજા અનેક ઉપાયો પ્રચલિત છે.

### ઔષધોપચાર :

(૧) મીંઢળનું ચૂર્ણ પાણી સાથે વાટીને દર્દીના બંને પગના તળિયે લેપ કરવો અને મીંઢળ છાસ સાથે વાટીને નાભિ ફરતે લેપ રોજ ૨-૪ દિવસ કરવો અથવા માયુફળનું ચૂર્ણ ૨૦ ગ્રામ તથા કાચી ફટકડીનું ચૂર્ણ ૧ ગ્રામ પાણી કે છાસમાં મિલાવીને રોજ નાભિ ફરતે લેપ કરી ૮ કલાક રાખવો અથવા સમુદ્રફળનું ૪-૫ ગ્રામ ચૂર્ણ ૧૦૦ ગ્રામ દહીંમાં મેળવી, તેમાં ૧૦-૧૫ ગ્રામ ગોળ ઉમેરી, તે દર્દીને સવાર-સાંજ ૩-૪ દિન ખવરાવવું. નાભિ ભ્રંશના દર્દીએ રોજ સુંઢ ચૂર્ણ ૫ ગ્રામ, ગોળ ૧૦ ગ્રામ તથા ઘી ૧ ચમચી એક વાટકીમાં નાંખી, તેને ગરમ કરી, બધું હલાવીને એક રસ કરી સવાર-સાંજ ખાવાના નિયમથી પણ નાભિ ઠેકાણે આવી જાય છે.

### અકસીર દવા :

હોમિયોપેથી દવાવાળાને ત્યાંથી Sepia સિપીયા ૨૦૦X (એક્સ) પાવરની ૧ ઔંસ, નાની-સફેદ ગોળીઓ લાવવી. તેની ૮-૯ ગોળી રોજ નવશેકા અર્ધા કપ પાણીમાં નાખી, દવા ઓગાળીને સવારે, સાંજે અને રાતે ૧ દિનમાં ૩ વાર - ૩ દિન સુધી પીવાથી બીજું કંઈ પણ કર્યા વિના ખસેલી પિચોટી (નાભિ) ૧૦૦ ટકા તેના મૂળ સ્થાને આવી જશે. આ પ્રયોગ ૧૦૦ ટકા સચોટ સરળ અને સસ્તો છે.

નોંધ : નાભિભ્રંશની ચિકિત્સા વધુ ઉત્તમ રીતે જાણવા લેખકનું પુસ્તક 'આયુર્વેદ ચિકિત્સા જ્ઞાનસાગર' જોવું. નવા વૈદ્યો અને વધુ લાંબા સમયથી બીમારી દર્દીએ આ પુસ્તક મંગાવી વાંચવું.

**લેખક : વૈદ્ય બળદેવપ્રસાદ પનારા, અમદાવાદ**
**મો. ૯૪૨૭૦૦૧૪૬૦**

### વાળંદ વિકાસના વાંચકો જોગ

**આથી વાળંદ વિકાસના ગ્રાહકોને નમ્ર વિનંતી કે વાળંદ વિકાસ ન મળવાની કે વાળંદ વિકાસની કોઈપણ ફરિયાદ માટે વાળંદ વિકાસના સંપાદક શ્રી શંકરલાલ એમ. ભાટીયાનો મો. ૯૪૨૬૦૮૫૪૮૮ ઉપર સંપર્ક કરવો.**

**- વાળંદ વિકાસ કમિટિ**

## અવસાન નોંધ

* ઉમતા : તેર જથના ઉમતા, તા. વિસનગરના બબલદાસ મણીલાલ વાળંદનું તા. ૨૩-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* કૈવલ : ગંગાબેન નરસિંહભાઈ નાઈનું તા. ૨૧-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ચાણસ્મા : શકરીબેન ચંદુલાલ નાયીનું તા. ૨૧-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* વડોદરા : તેર જથના અરૂણભાઈ સોમાભાઈ લિંબાચીયાનું (વીગવાળા) તા. ૨૨-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* વડોદરા : જયાબહેન લાલભાઈ ધોળકીયાનું તા. ૧૮-૧૨--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ચોટખણા : જગદીશભાઈ ગાંડુભાઈ પાડલીયાનું તા. ૧૮-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* પીપળી : બાલચંદભાઈ ગોરધનભાઈ લાંબાણીનું તા. ૧૮-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* જામનગર : અતુલભાઈ કાંતિભાઈ ચુડાસમાનું તા. ૨૨-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* સાંતેજ : ગીરીશભાઈ માધવલાલ વાળંદનું તા. ૨૩-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ગોત્રી : શાંતાબેન જયંતિભાઈ અમરેલીયાનું તા. ૧૯-૧૨--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* સોજીત્રા : મહેન્દ્રભાઈ આશાભાઈ વાળંદનું તા. ૨૦-૧૨--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* આલમપુર : કાંતિભાઈ સોમાભાઈ વાળંદનું તા. ૨૧-૧૨--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* વડોદરા : રમેશભાઈ શિવાભાઈ વૈદ્યનું તા. ૨૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* માણાવદર : જમનાદાસ ટપુભાઈ પરમારનું તા. ૨૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* બોરીયાવી : સુધાબેન રમેશભાઈ વાળંદનું તા. ૨૩-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* રાજકોટ : પ્રભાબેન નાથાભાઈ બગથરીયાનું તા. ૨૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ગભડી : રમીલાબેન મનુભાઈ પારેખનું તા. ૨૭-૧૨--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* જીયાણા : ગીરધરભાઈ નાનજીભાઈ ભટ્ટીનું તા. ૨૬-૧૨--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* જૂનાગઢ : ઉર્મિલાબેન વિનોદરાય ગલોરીયાનું તા. ૨૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ભુણાવ : મધુબેન નટવરલાલ પારેખનું તા. ૨૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ઝોગમેર : ભીખાભાઈ શામજીભાઈ ગોહિલનું તા. ૨૬-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ભાવનગર : કેયૂર જગદીશભાઈ રાઠોડનું તા. ૨૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* દામનગર : સમુબેન નારણભાઈ રાઠોડનું તા. ૨૯-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* લિંચ (અમેરિકા) : બાબુલાલ મોહનલાલ નાયીનું તા. ૩૦-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* મોટી દેઉ (ગાંધીનગર) : રમેશભાઈ નરોત્તમદાસ લીંબાચીયાનું તા. ૩૧-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* વડનગર : વિજયકુમાર ચીનુભાઈ લિંબાચીયાનું તા. ૩-૧--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* વિસાવદર : છોટાલાલ કાનજીભાઈ કાલાવાડીયાનું તા. ૩૦-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ઉમરવા : મુકેશભાઈ છનુભાઈ વાળંદનું તા. ૨૮-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ટંકારા : વિજયાબેન ડાહ્યાભાઈ લખતરીયાનું તા. ૩૦-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* મંદૌપુર : મોહનભાઈ લલ્લુભાઈ વાળંદનું તા. ૨૯-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ધારી-ગુંદાવી : સાકરબેન બાબુભાઈ વૈષ્ણવનું તા. ૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* કોઠારીયાયા : ચમનભાઈ પ્રાગજીભાઈ બગથરીયાનું તા. ૩-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* સાથળ : સવિતાબેન ખોડીદાસ પારેખનું તા. ૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* ભોળા (ધોરાજી) : કિશોરભાઈ બાબુભાઈ ટાટલીયાનું તા. ૨-૧--૨૫ના રોજ અવસાન થયેલ છે.
* ભાવનગર : ક્રિષીતા રાજુભાઈ રાઠોડનું અકાળે (૧૬ વર્ષે) તા. ૩-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* વરોડા : મનુભાઈ બબાભાઈ પારેખનું તા. ૨૯-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ગઢા : અડાઠમજથના ગઢા, તા. મોડાસ, અરવલ્લીના કાન્તાબેન મૂળજીભાઈ નાયીનું તા. ૧૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* પીપળીયા : મનસુખભાઈ (મનાભાઈ) કરસનભાઈ રાઠોડના ધર્મપત્નિ તા. ૧૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* વાવડી : જિ. નર્મદાના અંબાલાલ મગનલાલ વાળંદનું તા. ૧૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* બામોસણા (સુરત) : સોમાભાઈ પુંજીરામ લિંબાચીયાનું તા. ૧૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* જમીયતપુરા (વાડજ) : પદ્માબેન રાવજીભાઈ પારેખનું તા. ૧૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* વેરાવળ : શાંતાબેન પરસોત્તમભાઈનું તા. ૧૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.

* કોલર : પ્રહલાદભાઈ ગાંડાભાઈ પારેખનું તા. ૧૧-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* મોટા આસરણા : ભીખુભાઈ બાબુભાઈ સોલંકીનું તા. ૧૧-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* ઉત્રાણ (સુરત) : વિલાસબેન હસુભાઈ બગથરીયાનું તા. ૧૧-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* વડોદરા : ગૌતમભાઈ સોમાભાઈ પારેખનું તા. ૧૧-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* સુઘડ : ભાઈલાલભાઈ મગનભાઈ પારેખનું તા. ૧૦-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* લીંબાસી : રમેશભાઈ પૂનમભાઈ શર્માનું તા. ૮-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* ફતેપુર : અડાઠમ જથના ફત્તેપુર તા. પ્રાંતિજના નરસિંહભાઈ ગિરધરભાઈ નાયીનું તા. ૧૪-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* વાલમ : તેર જથના વાલમના પ્રભાવતીબેન મહેન્દ્રકુમાર લિંબાચીયાનું તા. ૧૩-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* પાટણ : હંસાબેન રમેશભાઈ નાઈનું તા. ૧૪-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* રૂપાલા : અડાઠમજથના રૂપાલ ગામના અળખીબેન ધૂળાભાઈ નાયીનું ૧૦૮ વર્ષની જૈફ વયે તા. ૧૫-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* ભેરસમ : મનહરભાઈ વિઠ્ઠલભાઈ નાયીનું તા. ૧૧-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* વડોદરા : કાન્તાબેન વિઠ્ઠલદાસ ભાટીયાનું તા. ૧૭-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* મજાતણ : ભીખાભાઈ જીવાભાઈ નાયીનું તા. ૧૪-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* રાજકોટ : જયંતિલાલ કનુભાઈ ગોહિલનું તા. ૧૫-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* ખરોડ : સોસ્તર જુથના નટવરલાલ અમથારામ નાયીનું તા. ૨૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* કોલવડા : સોસ્તર જુથના કાંતિલાલ સોમનાથ વૈદ્યનું કેનેડા ખાતે તા. ૩૧-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* વેડા : સોસ્તર જુથના મહેશભાઈ કેશવલાલ શર્માનું તા. ૧૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* લોદરા : સોસ્તર જુથના ગોવિંદભાઈ વિઠ્ઠલદાસ નાયીનું તા. ૧૨-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* આજોલ : સોસ્તર જુથના સુશીલાબેન વિનોદભાઈ નાયીનું સુરત ખાતે તા. ૧૯-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* કર્લી : રાજીવ તુલસીદાસ નાયીનું અમેરિકા ખાતે તા. ૧૭-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* સંઘપુર : સોસ્તર જુથના સમીર પ્રવિણભાઈ શર્માનું તા. ૨૩-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* ખેરાલુ : હાલ વડોદરા, દોતોર જુથના શાન્તાબેન ભગવાનદાસ લિંબાચીયાનું તા. ૨૬-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* કાકોશી : પારૂબેન જેઠાલાલ નાયીનું તા. ૧૦-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* દેવીના પુરા : હાલ મહેસાણા, શારદાબેન કનુભાઈ નાયીનું તા. ૧૬-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.
* મેઘા અલિયાસણા : શિવરામભાઈ અંબાલાલ નાયીનું તા. ૨૦-૧-૨૫ના રોજ અવસાન થયેલ છે.

ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિર:શાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.

## ઉત્તમ સૂત્રો

**ઉત્તમ તિર્થ** - આપણું મન - **घट घट में राम बसे है, घाट घाट ये क्यों भटकते हो । एक ध्यान से आत्मा को ढंढोलो, खूद राम तुम्हारे सामने है ।**

**ઉત્તર વાણી** - સત્ય વાણી, મધૂર વાણી.

**ઉત્તમ વિચાર** - સાત્ત્વિક અને સગુણ વિચાર.

**ઉત્તમ વર્તન** - સમભાવના, દયા, કરૂણા, ક્ષમા, નિરામય.

**ઉત્તમ જીવન** - સાદું, સરળ, તંદુરસ્ત, જીવન જીવવું. સંસારમાં રહીને ભક્તિમય જીવન જીવવું. જેમકે નરસિંહ મહેતા, ગોરા કુંભાર, સંત તૂકારામ.

**ઉત્તમ ખોરાક** - શાકાહારી, પૌષ્ટિક તથા પ્રાકૃતિ ભોજન.

**ઉત્તમ પેય** - જલ, (સ્વચ્છપાણી) દૂધ, છાસ.

**ઉત્તમ હવા** - પ્રાકૃતિક ખુલ્લી શુદ્ધ હવા.

**ઉત્તમ રહેણાંક** - સાદુ, સ્વચ્છ, ખુલ્લુ, પ્રકૃતિની ગોદમાં હોવું જોઈએ.

**ઉત્તમ** - જીવન પ્રવૃત્તિમય હોવું જોઈએ. ઇચ્છા (હોબી) પ્રમાણે જેમાં રસ હોય તેવી પ્રવૃત્તિ કરવી. પ્રવૃત્તિ વિનાનું જીવન નિષ્પ્રાણ છે, રોગોનો ભંડાર છે.

**ઉત્તમ દાન - વિદ્યાદાન,** વિદ્યા સર્વ ધન સંપત્તિમાં મૂખ્ય છે. **विद्या धनम् सर्व धनं प्रधानम्,**

**કન્યાદાન,** દિકરીનું દાન એ પણ ઉત્તમ છે. જેનાથી કોઈની જીન્દગી બને છે.

**ગુપ્તદાન,** - જાહેરાત કે પ્રસસ્તીની આશા રાખ્યા સિવાય દાન કરાય તે. જરૂરિયાત મંદને ગુપ્ત સહાય કરી તે ઉત્તમ દાન છે.



## શ્રદ્ધાંજલિ

# સ્વ. અરુણભાઈ સોમાભાઈ વાળંદ

**જન્મ તા. ૧-૧૨-૧૯૬૦ ● સ્વ. તા. ૨૨-૧૨-૨૦૨૪**

**ગામ સંખારી, તા. જિ. પાટણ, હાલ વડોદરા**

**સ્નેહના સાગર સમા, શિતળતાના ચંદ્ર સમા, પોતાના હોય કે પારકા, રાખ્યા સૌને હૃદય સમા,**
**પોતે રહ્યા જળકમળવત, રાખ્યો સૌમ્ય સ્વભાવ, ના જોઈ તમારી ચિંતાગ્રસ્ત નયનો કે ન નિરાશા**
**હસતું રાખ્યું... હસ્તુ રાખ્યુ, સદાય આપનું મુખ, કહી સૌને અલવિદા પણ હસ્તુ રાખ્યું...**

(૧) સ્વ. અરુણભાઈ સોમાભાઈ વાળંદ ઉર્ફે બકાભાઈએ પોતાના પિતાશ્રી સ્વ. સોમાભાઈ કાનજીભાઈ વાળંદના બતાવેલા રસ્તે ચાલીને હાલ પોતાના નિવાસ સ્થાને વડોદરા ખાતે શ્રી હનુમાનદાદાની જ્વલંત જ્યોતને આજ દિન સુધી ઝળહળતી રાખીને તેમજ હનુમાનદાદાની જન્મ જયંતીના દિવસે ભવ્ય પ્રોગ્રામ ધાર્મિકનો પ્રોગ્રામ અને સાથે સાથે પ્રસાદ માટે ભંડારો હોય કે માતા બહુચરાજીનો આનંદના ગરબાની રમઝટ ચાલુ રાખી ને ભાવિક ભક્તોને ધાર્મિક લાભ આપેલ છે.

(૨) સામાજિક ક્ષેત્રમાં પણ પિતાજીએ દર્શાવેલા રસ્તે ચાલીને સમૂહલગ્ર વર્ષ ૨૦૧૪માં પોતે ભોજનદાતા બનીને પોતાના માતાપિતાના નામને અને પોતાના ગામ સંખારીમાં સમૂહલગ્ર કરીને પોતાના ગામ સંખારીને આગવી ઓળખ સમાજને આપીને યોગ્ય માર્ગદર્શન આપ્યું છે.

(૩) ધંધાકીય રીતે વૈભવ બ્યુટી પાર્લર ચાલુ કરીને આપણા સમાજની બહેનો કે દિકરીઓને મામુલી ફી લઈને પોતાના પગ પર ઉભા રહીને સ્વમાન ભેર જીવી શકે તે માટે પ્રયત્નો કર્યા. અને સાથે સાથે વાળ વિનાના માનવીને હેર વિંગ, હેર બોન્ડિંગ વૈજ્ઞાનિક ઢબે કરીને હેર પ્લાન્ટેશન કરીને માનવીના ચહેરાને નવું રૂપ આપીને સ્મિત ભર્યું, આનંદથી જીવન પસાર કરી શકે તે માટે અથાગ પ્રયત્ન કર્યો છે.

જે તે વખતે આપણા વાળંદ ભાઈઓના હિતાર્થે વાળંદ એસોસીએશનની પણ સ્થાપના કરેલ હતી. સાથે સાથે વડોદરા ખાતે આપણા સમાજની ઉજાણી અને શૈક્ષણિક કાર્યને પણ યથાયોગ્ય પ્રમાણે સહકાર આપીને કાર્યને આગળ વધાર્યું છે.

આમ જોવા જોઈએ તો દરેક રસ્તે પિતાશ્રીના બતાવેલ રસ્તે ચાલીને ઉમદા અને સરાહનીય કાર્ય કરેલ છે. તેમના સ્વર્ગવાસથી તેમના કુટુંબમાં, સમાજમાં ખોટ પૂરી શકાય તેમ નથી.

આજ પ્રમાણે તેમના પુત્ર ચિ. ચિરાગભાઈ ઉર્ફે મોન્ટુના નામથી પ્રખ્યાત થયેલા એવા ચિરાગભાઈ પોતાના પિતાને રસ્તે ચાલીને તેમનાથી વધારે પ્રશંસનીય ઉમદા કાર્ય કરે તે માટે તેમને શક્તિ, સુખ, શાંતિ, સામર્થ્ય આપે એવી શ્રી લિંબચમાતાને પ્રાર્થના છે.

### શ્રદ્ધા સુમન અર્પણ કરનાર

**ગં. સ્વ. ચંપાબેન અરુણભાઈ વાળંદ (પત્ની)**

| | |
|---|---|
| શ્રી ચિરાગભાઈ અરુણભાઈ વાળંદ (પુત્ર) | શ્રીમતી ધારાબેન ચિરાગભાઈ (પુત્રવધૂ) |
| શ્રી કિરીટભાઈ સોમાભાઈ વાળંદ (ભાઈ) | શ્રીમતી શારદાબેન કિરીટભાઈ |
| શ્રી કુલદિપ કિરીટભાઈ વાળંદ (ભત્રીજો) | શ્રીમતી મીનાક્ષી કુલદિપભાઈ |
| શ્રી મનીષ કિરીટભાઈ વાળંદ (ભત્રીજો) | |
| શ્રી યતિનકુમાર પટેલ (જમાઈ) | શ્રીમતી જાગૃતીબેન (પુત્રી) |
| | મિત્તલબેન (પુત્રી) |

**પૌત્રો - તૃષ્ટિ, દેવ, સૌમ્યા, સૃષ્ટિ, દ્વિતી, પ્રાંચુ**

મોકલનાર : વિષ્ણુભાઈ લિંબાચીયા, ગામ પીંઢારપુરા હાલ વડોદરા

**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે.**

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2025-2027
Dt. 12-12-2024 Valid upto 31-12-2027 issued by SSPO's Ahmedabad City Division

# તેરમી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન અર્પણ



**સ્વ. જ્યોતીન્દ્રભાઈ આર. નાયી**
**દેહાવસાન : ૧૮-૨-૨૦૧૨**

ગુજરાત વાળંદ સેવા સંઘના હિતચિંતક અને અગ્રગણ્ય દાતા સ્વ. જ્યોતીન્દ્રભાઈ આર. નાયીની ચિરવિદાયને તેર વર્ષ વીતી ગયાં. આ સંસ્થા માટે તેમનો જે અપ્રતિમ લગાવ અને દિલેર દાતારી રહ્યા તે કદી વીસરાશે નહિં. ગુજરાત વાળંદ સેવા સંઘને સધ્ધર કરવા 'રેવાબા સાંસ્કૃતિક હોલ' નિર્માણના મુખ્ય શિલ્પી દાતાશ્રી એવા તેઓ જીવનના અંતિમ શ્વાસ સુધી સંઘના હિતેચ્છુ દાતા રહ્યા છે.

સમાજઉત્કર્ષનાં હરેક સત્કાર્યોમાં તેમનાં ધર્મપત્ની સ્વ. શારદાબેન પણ સદા અગ્રેસર અને સહભાગી બન્યાં છે. ગુજરાત વાળંદ સેવા સંઘે હાલમાં જૂના વિદ્યાર્થીગૃહની જગ્યાએ નવિન બહુમાળી ભવનનું બાંધકામ હાથ ધર્યું છે ત્યારે આ સમયે ભામાશા સમાન આ દંપતિની ખોટ વર્તાય છે. સંસ્થા માટે તેઓ જે ઘસાઈ ચૂક્યા છે તે સદાય અમારી યાદોમાં છે અને રહેશે.

**નિર્મળ અને નિરાભિમાની ગુણિયલ આ વિરલ વિભૂતિ**
**સ્વ. જ્યોતીન્દ્રભાઈ આર. નાયીને બારમી પુણ્યતિથિએ કોટિ કોટિ વંદન.**

**– ગુજરાત વાળંદ સેવા સંઘ પરિવાર**

Printed & Published by
BALUBHAI BABABHAI PAREKH on behalf of
SHREE GUJARAT VALAND SEVA SANGH and
Printed at NAVPRABHAT PRINTING PRESS,
9, Punaji Industrial Estate, Dhobighat Cross
Road, Dudheswar, Ahmedabad-380004,
and Published from
VALAND VIKAS Karyalaya, Gulbai Tekra,
Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - ARVINDBHAI S. VAIDYA